જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૬/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૯૦૨/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૪૮૦ | ૫ | ૮૪૮૫ | ૧૪૫૮૮ | ૫ | ૧૪૫૯૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૩ | ૦ | ૪૨૨૩ | ૫૭૩૬ | ૦ | ૫૭૩૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૬ | ૦ | ૨૬ | ૧૯૪ | ૦ | ૧૯૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૩૧૫ | ૨૩ | ૭૩૯૮ | ૮૩૫૭ | ૨૩ | ૮૩૮૦ |
| કુલ | | ૨૦૧૦૪ | ૨૮ | ૨૦૧૩૨ | ૨૮૮૭૫ | ૨૮ | ૨૮૯૦૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૨૫ | ૫૬,૮૦૦/- |

# વાહનચોરીના આરોપીઓની અટકાયતની વિગત

## સોલા હાઇ કોર્ટ પોલીસ સ્ટેશન :-

## બુલેટની ચોરી કરતી ગેંગ પકડવામાં આવી , ૫-બુલેટ સહીત કુલ-૭ વ્હીકલ કબ્જે કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો ~ સોલા હાઈકોર્ટ પોલીસ

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબધી ગુનાઓ અટકાવવા તથા ડીટેક કરવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ સોલા પોલીસ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ. જે.જે.રાણા તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન _અ.પો.કો. વાલજીભાઈ ભોપાભાઈ_ *નાઓને મળેલ ખાનગી બાતમી આધારે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશા વિસ્તાર તથા અમદાવાદ શહેર વિસ્તારમાંથી અગાઉ વાહનચોરીના ગુનાઓ આચરેલ આરોપીઓને ચોરીના વાહનો સાથે પકડી પાડી કુલ-૭ ગુનાઓનો ભેદ ઉકેલતી સોલા હાઇકોર્ટ પોલીસ.

***મુદામાલ* :** ⁎(૧) બુલેટ મો.સા.- ૫, કે.ટી.એમ. મો.સા.– ૧, એક્ટિવા-૧ મળી કુલ મોટર સાયકલ નંગ-૭ કિ.રૂ.૪,૫૫,000/-⁎

***આરોપી*:**

(૧) રાહુલ હરેશભાઈ પરમાર ઉવ.૨૬ રહે. મ.નં-૨૫,૨૬ બ્લોક નં-૨૪૬ કબુતર ખાના, ગોતા હાઉસીંગ ગોતા અમદાવાદ મુળ ગામ-શિવનગર, રામાપીરના મંદિરની સામે, તા-સિધ્ધપુર જી-પાટણ
(૨) મહેન્દ્ર ઉર્ફે ચિરાગ અમરતભાઈ દરજી ઉવ.૨૦ રહે.મ.નં-સી/૩૦૧ વિરસાવરકર હાઉસ, વસંતનગર, ગોતા, અમદાવાદ

***શોધાયેલ ગુના*:**

(૧) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૬૪/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ
(૨) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૨૨૮/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ
(૩) એલીસબ્રિજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૩૩૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ
(૪) એલીસબ્રિજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૩૩૮/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ
(૫) એલીસબ્રિજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૩૩૯/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ
(૬) સરખેજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૫૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ
(૭) સેટેલાઈટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૪૬૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ

*આ કામગીરીમા સુપરવીઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા પો.સ.ઇ. જે.જે.રાણા તથા સ્ટાફના પ્રો.મ.સ.ઇ. અમીતભાઇ રણછોડભાઇ તથા મ.સ.ઈ. પ્રવિણભાઈ નારણભાઈ તથા અ.પો.કો. વાલજીભાઈ ભોપાભાઈ તથા અ.લોકરક્ષક માધુભાઈ પોલાભાઈ નોકરી સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.*



# પાસાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

### મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ અસારવા સીવિલ હોસ્પિટલ કોવિડ-૧૯ માં દાખલ થતા દર્દીના દાગીનાઓની ચોરી કરતા ઈસમો રાજ સ./ઓ.અશોકભાઇ ઠાકરશીભાઇ જાતે-પટેલ ઉ.વ.૨૧ રહે.એ/૪૦૮ શાશ્વત રેસીડેન્સી,કળશ રેસીડેન્સીની સામે, ખોડીયાર મંદીર પાસે, નિકોલ ગામ, અમદાવાદ શહેરના વિરુદ્ધ શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૧૨૦૦૭૮૯/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૮૦ મુજબ તથા શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૧૨૦૦૮૭૧/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૮૦ મુજબ તથા શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૧૨૦૦૮૮૨/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ.૩૭૯,૧૧૪, મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૭૩/૨૦૨૦ તા.૦૩/૦૬/૨૦૨૦ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની કલાક:૧૯/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ,લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે.

**આરોપીનું નામ:** રાજ સ./ઓ.અશોકભાઇ ઠાકરશીભાઇ જાતે-પટેલ ઉ.વ.૨૧ રહે.એ/૪૦૮ શાશ્વત રેસીડેન્સી,કળશ રેસીડેન્સીની સામે, ખોડીયાર મંદીર પાસે, નિકોલ ગામ, અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:** (૧) પો.સ.ઈન્સ એસ.એ.દેસાઈ તથા સર્વેલન્સ ટીમના માણસો (૨) ASI વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮ (૩) WLRD નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪ (૪) LRD. પરેશકુમાર અણદાસભાઇ.બ.નં.૧૧૮૫૩



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૦૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૩૨૪ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ, ૧ રિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૦૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ત્યજી દિધેલ મૃત શિશુ મળી આવવા બાબત :- સમાચાર યાદી નં.૯૦૫/૨૦૨૦**

**વાસણાઃ** તા.૦૩/૦૬/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે વાસણા સોરાઇનગર સોરાઇનગરના છાપરાં હનુમાનજીના મંદિર સામેથી મૃત શિશુ મળી આવતા વાસણા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

**ઘરફોડ :- સમાચાર યાદી નં.૯૦૬/૨૦૨૦**

**રામોલઃ** નાસીરખાન રહીમખાન પઠાણ (રહે. ટેનામેન્ટ જશનગર જનતાનગર પાસે રામોલ) એ તા.૦૩/૦૬/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૦ રાતના ૯/૦૦ થી તા.૦૩/૦૬/૨૦૨૦ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રામોલ ખાનવાડી ખાતે આવેલ એન.ડી.ટાયર સર્વીસ નામની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી મોટર સાયકલના ટાયર નંગ-૨૨ કિમત રૂપિયા ૧૭,૬૦૦/-, એક્ટીવાના ટાયર નંગ-૨૩ કિમત રૂપિયા ૧૮,૪૦૦/-, રીક્ષાના ટાયર નંગ-૯ કિમત રૂપિયા ૭૨૦૦/- અતુલ શક્તિ રીક્ષાના ટાયર નંગ-૧૪ કિમત રૂપિયા ૨૫,૨૦૦/, પલ્સરના ટાયર નંગ-૦૬ કિમત રૂપિયા ૫૪૦૦/- તેમજ અલગ-અલગ નવી ટ્યુબો નંગ-૧૩૫ કિમત રૂપિયા ૧૩,૫૦૦/- મળી કુલ ટાયર નંગ-૭૪ તથા કુલ ટ્યુબો નંગ-૧૩૫ કિમત રૂપિયા ૮૭,૩૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**સરદારનગરઃ** જીજ્ઞેશ સ/ઓફ ઉષાકાન્ત મણીયાર (ઉ.વ.૩૮) (રહે. અક્ષરધામ રેસીડેન્સી ડી-માર્ટ પાસે નવા નરોડા) એ તા.૦૩/૦૬/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૨૦ રાતના ૯/૦૦ થી તા.૦૨/૦૬/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સૈજપુર ટાવર ચૌધરી હોસ્પિટલની બાજુમાં જનતા ચેમ્બરમા સંજીવની પેથોલેટરી લેબોરેટરીના શટરાના તાળા તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ટેબલના ડ્રોઅરનુ લોક તોડી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/-, સોનાની વિંટી કિમત રૂપિયા ૨૫,૦૦૦/- તથા સી.સી.ટી.વી.કેમેરાનુ ડી.વી.આર કિમત રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

**ઓઢવ**ઃ બુધ્ધીનાથ રામનાથ પાલ (રહે. ગોકુલનગર આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.03/06/૨૦૨૦ કલાક ૧/30 થી ૫/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫000/- મળી કુલ રૂપિયા ૧,૭૯,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**માધવપુરા**ઃ સરફરાઝઅલી સ/ઓફ શૌકતઅલી સૈયદ (ઉ.વ.૩૯) (રહે. દરજીની ચાલી ઈદગાહ અસારવા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.03/06/૨૦૨૦ કલાક ૧/30 થી ૬/00 વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાંથી સોનાની વાળી નંગ-૨ કિમત રૂપિયા ૧૬,000/- તથા ત્રણ સાહેદોના ઘરમાંથી અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન મળી કુલ કિમત રૂપિયા ૩૬,000/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.દેસાઇ ચલાવે છે.

## <u>સોનાની ચેઇન ઝુટવી લઇ ગયા :-</u> <u>સમાચાર યાદી નં.૯૦૭/૨૦૨૦</u>

**વાસણા**ઃ મિલનભાઇ ભુપેન્દ્રભાઇ ત્રિપાઠી (ઉ.વ.૫૪) (રહે. શ્રી સીમંધર એપાર્ટમેન્ટ ધરણીધર દેરાસર પાછળ સીનીયર સીટીઝન ગાર્ડન સામે વાસણા) તા.03/06/૨૦૨૦ કલાક ૧૨/30 વાગ્યાના સુમારે મિલનભાઇ ત્રિપાઠી તથા તેમના માતા બેંક ઓફ ઇન્ડિયા શારદા મંદિર બ્રાંચથી ઘર નજીક આવતા એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ મિલનભાઈના માતાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪0,000/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મિલનભાઇ ત્રિપાઠીએ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૦૮/૨૦૨૦</u>

**એરપોર્ટ**ઃ કાળુભાઇ વિરમભાઇ વાઘેલા (ઉ.વ.૫૫) (રહે. શાંતિપુરાના છાપરાં નોબલનગર ટર્નીંગ) એ અગમ્ય કારણસર તા.03/06/૨૦૨૦ કલાક ૧૦/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છાપરાંની છત પર લગાવેલ લોખંડની પાઇપમા સુતરની રસ્સી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતસિહ ફતેસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી